# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

**************************************************

1. દિલ્હી મહાનગરપાલિકાની રાષ્ટ્રીય રાજધાનીના 12 વોર્ડમાં યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપે સાત બેઠકો જીતી
2. કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું, દેશભરમાં સો ટકા રેશનકાર્ડ ડિજિટાઇઝ્ડ થયા
3. DRDOએ તીવ્ર ગતિથી ઉડતા લડાકુ વિમાનમાં પાયલટનો જીવ બચાવનાર પ્રણાલીનું સફળ પરીક્ષણ કર્યું.
4. શ્રીલંકામાં ચક્રવાત દિત્વાહ બાદ પૂર અને ભૂસ્ખલનથી 474 લોકોના મોત
5. ત્રણ મેચની એક દિવસીય ક્રિકેટ શ્રેણીમાં આજે રાયપુરમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બીજો મુકાબલો

....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## FINAL REV. MCD BYPOLLS COUNTING

દિલ્હી મહાનગરપાલિકાની રાષ્ટ્રીય રાજધાનીના **12** વોર્ડમાં યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપે આજે સાત બેઠકો જીતી છે. આ દરમિયાન, આમ આદમી પાર્ટી એ ત્રણ બેઠકો જીતી છે, અને કોંગ્રેસ અને ઓલ ઇન્ડિયા ફોરવર્ડ બ્લોકે એક-એક બેઠક જીતી છે.

ચાંદની ચોકના સાંસદ પ્રવીણ ખંડેલવાલે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે **MCD** ચૂંટણીના પરિણામો દિલ્હીમાં ભાજપ દ્વારા કરવામાં આવેલા કાર્યને પ્રતિબિંબિત કરે છે. ઉલ્લેખનીય છે કે **30** નવેમ્બરના રોજ **580** મતદાન મથકો પર પેટાચૂંટણીઓ યોજાઈ હતી, જેમાં **26** મહિલાઓ સહિત **51** ઉમેદવારો મેદાનમાં હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RAJENDRA PRASAD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં ડૉ. રાજેન્દ્ર પ્રસાદને પુષ્પાંજલિ અર્પણ કરી.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. રાજેન્દ્ર પ્રસાદને એક મહાન સ્વતંત્રતા સેનાની તરીકે યાદ કર્યા. તેમણે કહ્યું કે ડૉ. પ્રસાદની સાદગી, પ્રામાણિકતા અને લોકશાહી મૂલ્યો પ્રત્યે આજીવન પ્રતિબદ્ધતા પેઢીઓને પ્રેરણા આપતી રહેશે.

પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં સક્રિય ભાગ લેવાથી લઈને બંધારણ સભાના અધ્યક્ષપદ સુધી, ડૉ. પ્રસાદે અપ્રતિમ ગૌરવ, સમર્પણ અને ઉદ્દેશ્યની સ્પષ્ટતા સાથે રાષ્ટ્રની સેવા કરી.

૩ ડિસેમ્બર, ૧૮૮૪ ના રોજ બિહારના જીરાદેઈમાં જન્મેલા ડૉ. રાજેન્દ્ર પ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા હતા. તેમણે બંધારણ સભાના અધ્યક્ષ તરીકે પણ સેવા આપી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SHAH- KHUDIRAM BOSE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે સ્વાતંત્ર્ય સેનાની ખુદીરામ બોઝને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે ખુદીરામ બોઝને બહાદુરી, હિંમત, બલિદાનનું પ્રતીક ગણાવ્યા. તેમણે કહ્યું, સ્વદેશી ચળવળ દરમિયાન દેશવાસીઓને જાગૃત કરવામાં ખુદીરામ બોઝે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ગૃહમંત્રીએ કહ્યું કે તેમની વીરતા ગાથા દરેક યુવાનો માટે દેશને પ્રથમ સ્થાન આપવા માટે પ્રેરણાનો અમૂલ્ય સ્ત્રોત છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## LS JOSHI - RATION CARD

કેન્દ્રીય ખાદ્ય, જાહેર વિતરણ અને ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું કે દેશભરમાં લગભગ સો ટકા રેશનકાર્ડ હવે ડિજિટાઇઝ્ડ થઈ ગયા છે.

આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી જોશીએ જણાવ્યું હતું કે લગભગ 20 કરોડ 58 લાખ ઘરગથ્થુ રેશનકાર્ડમાંથી તમામનું ડિજિટાઇઝેશન થઈ ગયું છે.

(બાઇટ- પ્રહલાદ જોશી)

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## LS - VAISHNAW - FAKE NEW

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે નકલી સમાચાર લોકશાહી માટે ખતરો છે. તેમણે સોશિયલ મીડિયા, ખોટી માહિતી અને AI-જનરેટેડ ડીપ ફેક્સ સામે કડક કાર્યવાહી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબમાં, શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે AI-જનરેટેડ ડીપ ફેક્સને ઓળખવા અને તેના વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે એક નવો ડ્રાફ્ટ નિયમ પ્રકાશિત કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે સરકાર અને પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા બંને કોઈપણ ટીવી ચેનલ અથવા અખબાર સામેની ફરિયાદો પર સક્રિયપણે વિચાર કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો અને સમાજની જવાબદારી છે કે તેઓ સમાજમાં વિશ્વાસ જાળવી રાખે અને મજબૂત બને તે સુનિશ્ચિત કરવા માટે સામૂહિક રીતે કામ કરે.

(બાઇટ - અશ્વિની વૈષ્ણવ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## PUNJAB DRDO

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન-**DRDO** એ ગઈકાલે તીવ્ર ગતિથી ઉડતા લડાકુ વિમાનમાં પાયલટનો જીવ બચાવનાર પ્રણાલીનું સફળ પરીક્ષણ કર્યું. આ જટિલ પરીક્ષણ સાથે, ભારત એવા દેશોના જૂથમાં જોડાઈ ગયું છે જેમની પાસે અદ્યતન સ્વદેશી પ્રણાલીની ક્ષમતા છે.

આ પરીક્ષણ એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડના સહયોગથી ચંદીગઢમાં ટર્મિનલ બેલિસ્ટિક્સ રિસર્ચ લેબોરેટરીના રેલ ટ્રેક રોકેટ સ્લેડ સુવિધા ખાતે હાથ ધરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વાયુસેના અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ એરોસ્પેસ મેડિસિન એન્ડ સર્ટિફિકેશનના અધિકારીઓ પણ હાજર હતા.સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ સફળ પરીક્ષણ માટે તમામ સંબંધિત સંસ્થાઓ અને ઉદ્યોગોને અભિનંદન પાઠવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SC- ILLEGAL MIGRANTS

સર્વોચ્ચ અદાલતે કહ્યું, ઘુસણખોરો અને ગેરકાયદેસર પરદેશી વસાહતીને કોઈ કાનૂની અધિકાર નથી. અદાલતે કહ્યું કે દેશમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરનારાઓ માટે લાલ જાજમ બિછાવી શકાય નહીં.

મુખ્ય ન્યાયામૂર્તિ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બનેલી ખંડપીઠે ગઈકાલે અધિકારીઓની કસ્ટડીમાંથી કેટલાક રોહિંગ્યાઓના ગુમ થવાના આરોપ સાથે હેબિયસ કોર્પસ અરજીની સુનાવણી કરતી વખતે આ અવલોકનો કર્યા હતા. ખંડપીઠે અવલોકન કર્યું હતું કે લાભ અને સુવિધાઓ ગેરકાયદેસર રીતે પ્રવેશ કરનારા કોઈ વ્યક્તિ કરતાં દેશના નાગરિકો પર કેન્દ્રિત હોવી જોઈએ.

અદાલતે નોંધ્યું હતું કે ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સને કસ્ટડીમાં ત્રાસ આપી શકાય નહીં.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## OPERATION SAGAR BANDHU

શ્રીલંકામાં ચક્રવાત દિત્વાહ બાદ મૃત્યુઆંકમાં તીવ્ર વધારો થયો છે, આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રએ દિવસો સુધી ચાલેલા ભારે પૂર અને ભૂસ્ખલન પછી 474 લોકોના મોત અને 356 લોકો ગુમ થયાની પુષ્ટિ કરી છે. કેન્ડી જિલ્લો સૌથી વધુ અસરગ્રસ્ત રહ્યો છે, જેમાં 118 લોકોના મોતના અહેવાલ છે.

ભારતે ઓપરેશન સાગર બંધુ હેઠળ માનવતાવાદી સહાયનો નોંધપાત્ર વિસ્તાર કર્યો છે, રાહત પ્રયાસોને ટેકો આપવા માટે હવાઈ, દરિયાઈ અને જમીની સંસાધનોનો ઉપયોગ કર્યો છે. **INS** સુકન્યા દ્વારા ત્રિંકોમાલી પહોંચાડવામાં આવેલ પુરવઠો શ્રીલંકન વાયુસેના દ્વારા પૂર્વીય પ્રાંતના અલગ-અલગ સમુદાયોમાં એરલિફ્ટ કરાયો હતો.

વધુમાં, ભારતીય બચાવ ટીમોએ પુટ્ટલમમાં **NDRF**ના જવાનો સાથે મોટા પાયે સ્થળાંતર કર્યું, જેમાં ગર્ભવતી માતાઓ અને ઘાયલો સહિત લગભગ 800 રહેવાસીઓને મદદ કરવામાં આવી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CHILD-MARRIAGE-FREE-BHARAT

મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી આવતીકાલે નવી દિલ્હીમાં બાળ લગ્ન મુક્ત ભારત માટે 100 દિવસના જાગૃતિ અભિયાનનો ઔપચારિક પ્રારંભ કરશે. 'બાળ લગ્ન મુક્ત ભારત' અભિયાનના એક વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આયોજિત આ કાર્યક્રમમાં દેશભરની રાષ્ટ્રીય પ્રતિજ્ઞા અને પ્રેરણાદાયી વાર્તાઓ દર્શાવતી ફિલ્મો પણ દર્શાવવામાં આવશે.

આ અભિયાન દ્વારા, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દેશભરના નાગરિકો, સંસ્થાઓ અને સમુદાયના નેતાઓને આ ચળવળમાં જોડાવા અને બાળ લગ્ન મુક્ત ભારતનું નિર્માણ કરવા માટે આહ્વાન કરશે.

આ રાષ્ટ્રીય અભિયાન આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પંચાયતી રાજ, ગ્રામીણ વિકાસ અને શિક્ષણ મંત્રાલયો સાથે સંકલનમાં અમલમાં મૂકવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**CRICKET**

પુરુષ ક્રિકેટમાં, ભારત આજે રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ત્રણ મેચની એક દિવસીય શ્રેણીની બીજી મેચમાં દક્ષિણ આફ્રિકા સામે રમશે. દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતી બોલિંગ પસંદ કરી છે.

થોડીવારમાં મુકાબલો શરૂ થશે. પ્રથમ મેચમાં દક્ષિણ આફ્રિકાને 17 રનથી હરાવ્યા બાદ ભારત હાલ  શ્રેણીમાં 1-0થી આગળ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## J&K: RAJ BHAVAN RENAMED

જમ્મુ અને કાશ્મીરમાં ઉપરાજ્યપાલના સચિવાલયે રાજભવનનું નામ બદલીને "લોક ભવન, જમ્મુ અને કાશ્મીર" કરવાની જાહેરાત કરી છે. આકાશવાણી જમ્મુના સંવાદદાતાના અહેવાલ મુજબ રાજભવન ઇમારત કેન્દ્રશાસિત પ્રદેશના ઉપરાજ્યપાલના સત્તાવાર નિવાસસ્થાન અને કાર્યાલય તરીકે કાર્યરત છે.

ઉપરાજ્યપાલના મુખ્ય સચિવ ડૉ. મનદીપ કે. ભંડારી દ્વારા હસ્તાક્ષરિત એક આદેશમાં જણાવાયું છે કે આ ફેરફાર તાત્કાલિક અમલમાં છે.

પરિણામે, જમ્મુ અને કાશ્મીરના રાજભવનના તમામ સંદર્ભોને હવે લોક ભવન, જમ્મુ અને કાશ્મીર તરીકે ઓળખવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRUMP - IMMIGRATION

ટ્રમ્પ વહીવટીતંત્રે 19 બિન-યુરોપિયન દેશોના ઇમિગ્રન્ટ્સ દ્વારા દાખલ કરાયેલી ગ્રીન કાર્ડ અને યુએસ નાગરિકતા પ્રક્રિયા સહિતની તમામ ઇમિગ્રેશન અરજીઓ થોભાવી દીધી છે.

વહીવટીતંત્રે રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર સલામતી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ વિરામ 19 દેશોના લોકો પર લાગુ પડે છે જેમના પર જૂનમાં પહેલાથી જ આંશિક મુસાફરી પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો, જેનાથી ઇમિગ્રેશન પર વધુ પ્રતિબંધો મૂકવામાં આવ્યા હતા. દેશોની યાદીમાં અફઘાનિસ્તાન અને સોમાલિયાનો સમાવેશ થાય છે.

નવી નીતિની રૂપરેખા આપતા સત્તાવાર મેમોરેન્ડમમાં ગયા અઠવાડિયે વોશિંગ્ટનમાં યુએસ નેશનલ ગાર્ડના સભ્યો પર થયેલા હુમલાનો ઉલ્લેખ કરાયો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .